# પ્રેસનોટ

તા.૦૪/૧૧/૨૦૧૭ ના રોજ અમદાવાદ શહેર ગુના નિવારણ શાખાના અધિકારીશ્રી/સ્ટાફ સરદારનગર પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગ ફરતા બાતમી હકિકત આધારે કુબેરનગર છારાનગર ખાતે રહેતો પ્રોહી બુટલેગર પ્રવિણ ઉર્ફે પલ્લી ઉત્તમભાઈ ગુમાને (છારા) કેટલોક પરપ્રાંત ઈંગ્લીશ દારૂનો જથ્થો લાવી તેની સાસુ જશોદાબેન ઉર્ફે જશીબેન આસનદાસ છારા ના કબજા ભોગવટાવાળા સંતોષીનગરના છાપરામાં આવેલ નવા બનાવેલ મકાનમાં ભોયરામાંથી જુદી જુદી બ્રાન્ડની પરપ્રાંત ઈંગ્લીશ દારૂની ૭૫૦ ML ની બોટલો-૧૫૧૦ કિ.રૂ.૪,૨૬,૭૦૦/- નો જથ્થો મળેલ તે કબ્જે કરેલ અને આરોપી પ્રવિણ ઉર્ફે પલ્લી ઉત્તમભાઈ ગુમાને તથા જશોદાબેન આસનદાસ છારાની કરેલ તપાસમાં તેઓ મળી ન આવતા તેઓને વોન્ટેડ જાહેર કરી તેઓ વિરુધ્ધ સરદારનગર પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં.૬૦૪૯/૧૭ પ્રોહી કલમ-૬૫(ઈ),૮૧, ૧૧૬(બી) હેઠળ ગુનો દાખલ કરાવેલ છે. પ્રોહીની આ અસામાજીક પ્રવૃતિ સંદતર નેસ્ત નાબુદ કરવા સ્થાનીક પોલીસ તરફથી કોઈ પરીણામલક્ષી કામગીરી કરવામાં આવેલ ન હોય અને આ બદી અટકાવવામાં તેમજ આ ગુનો શોધી કાઢવામાં તેઓ સંદતર નિષ્ફળ રહેલ હોય. તેઓની આ ગંભીર બેદરકારી અને નિષ્કાળજી સબબ સરદારનગર પો.સ્ટે.ના બે પોલીસ કર્મચારીઓને નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૪ નાઓએ ફરજ મોકુફ (સસ્પેન્ડ) કરેલ છે.